## મ.સ.યુનિ.માં વિદ્યાર્થી-વાલીઓના પ્રશ્નોનું સમાધાન કરાશે

# પોલીટેક્નિકમાં ડિપ્લોમામાં પ્રવેશ માટે માર્ગદર્શન સેમિનાર યોજાશે

## 27 મેએ કરજણ, 3 જૂને ટેક્નોલોજી, 4 જૂને પોલિટેક્નિકમાં આયોજન

**એજ્યુકેશન રિપોર્ટર | વડોદરા**

એમ.એસ.યુનિવર્સિટી પોલીટેકનીક ખાતે ડીપ્લોમા પ્રવેશ વર્ષ-2023 માટે માર્ગદર્શન સેમીનાર યોજાશે.

ગુજરાત સરકારના ટેકનીકલ શિક્ષણ વિભાગના એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડીપ્લોમા કોર્સિસ (એ.સી.પી.ડી.સી) દ્વારા હાલ ડિપ્લોમા પ્રવેશ માટે રજીસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત ધો-10 પછીના પ્રથમ વર્ષ ડિપ્લોમા અને સર્ટીફિકેટ હોલ્ડર ડિપ્લોમાના બીજા વર્ષમાં સીધા પ્રવેશ માટેની ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા હાલ ચાલુ છે. વિદ્યાર્થીઓ gujdiploma.admissions.nic.in વેબસાઈટની મુલાકાત લઇ રજીસ્ટ્રેશન કરી શકે છે. રજીસ્ટ્રેશન પ્રક્રિયા માટે મહારાજા સયાજીરાવ યુનિ.ની પોલીટેકનીક ખાતે સાયબર સ્પેસ સેન્ટર પણ કાર્યરત છે.

સમગ્ર પ્રવેશ પ્રક્રિયા અને પ્રવેશ કાર્યવાહીના ક્રમિક પગલાના અંગે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને પડતી મુશ્કેલીઓના માર્ગદર્શન અને વિવિધ સમસ્યાઓના નિરાકરણ માટે એ.સી.પી.ડી.સીના નેજા હેઠળની પોલીટેકનીક, એમ.એસ.યુનિ દ્વારા 27મેના રોજ કરજણ સ્થિત ભરતમુનિ નગરગૃહ ખાતે, 3 જૂન (શનિવાર)ના રોજ વિશ્વેશ્વરિયા હોલ (ફેકલ્ટી ઓફ ટેકનોલોજી અને એન્જીનીયરીંગ) ખાતે તથા 4 જૂન (રવિવાર)ના રોજ પોલીટેકનીક ખાતે સવારે 11થી 1 દરમિયાન એ.સી.પી.સીના તજજ્ઞો દ્વારા વિનામૂલ્યે માર્ગદર્શન સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે.

જેનો વડોદરા શહેર-જિલ્લાના ડિપ્લોમા પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ તથા વાલીઓ માટે સેમીનાર ઉપયોગી સાબિત થશે.